# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-07-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અમિતા વાંઝા** વાંચે છે.

---

- રાજ્યમાં અંદાજે 24 હજાર 700થી વધુ શિક્ષકોની ભરતીનો સરકારનો નિર્ણય, વર્ષ 2011 થી 2023 સુધી ટેટ પાસ કરનારા ભરતી પ્રક્રિયા માટે યોગ્ય ગણાશે
- માનવ કલ્યાણ યોજના માટે આજથી નોંધણીની શરૂઆત, ઇચ્છુક નાગરિકો ઇ-કુટિર પોર્ટલ અથવા મોબાઇલ એપ દ્વારા અરજી કરી શકશે
- ગોધરા નીટ પેપર ગેરરીતિ મામલે પાંચ આરોપીઓને ગોધરાની અદાલતે સીબીઆઈ કસ્ટડીમાં સોંપવા આદેશ કર્યો
- અષાઢી બીજે ભગવાન જગન્નાથની 136 રથયાત્રાઓ, 73 શોભા યાત્રાઓ મળી કુલ 209 યાત્રાઓનું આયોજન, ડ્રોન અને બૉડી વોર્ન કૅમેરા સહિતનો ચાંપતો સુરક્ષા કરાયો
- અને આગામી ત્રણ દિવસમાં દક્ષિણ ગુજરાત સહિતના અનેક ભાગોમાં ભારે વરસાદની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# SHIKSHAK BHARTI

રાજ્ય સરકાર  આગામી ઓગષ્ટથી ડિસેમ્બર મહિના સુધીમાં વિવિધ તબક્કે અંદાજે 24 હજાર 700થી વધુ શિક્ષકોની  ભરતી કરશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે મળેલી મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. આ નિર્ણય અંગે વધુ વિગતો આપતાં રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્યની 1 હજાર 200 જેટલી અને જુના શિક્ષકની અંદાજિત 2 હજાર 200 જેટલી જગ્યાઓ ભરવા માટે સંભવિત જાહેરાત પહેલી ઓગષ્ટથી થશે.

સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ટેટ હાયર સેકન્ડરી પાસ શિક્ષણ સહાયક માટે સંભવિત જાહેરાત પહેલી સપ્ટેમ્બરથી રહેશે અને  ટેટ સેકન્ડરી પાસ શિક્ષણ સહાયક માટે સંભવિત જાહેરાત પહેલી ઓક્ટોબરથી થશે.

સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી માધ્યમમાં અને અન્ય માધ્યમમાં  વિદ્યાસહાયક તરીકે TET-2 પાસ ઉમેદવારો માટે સંભવિત ભરતી જાહેરાતની પહેલી નવેમ્બરથી થશે અને એવી જ રીતે  TET-1 પાસ ઉમેદવારો માટે સંભવિત ભરતીની જાહેરાત પહેલી ડિસેમ્બરે  થશે.

વધુમાં પ્રવક્તામંત્રીએ જણાવ્યું કે, આજે જાહેર થયેલી ભરતીમાં TET-1માં વર્ષ 2012 થી 2023 સુધી પાસ થયેલા તમામ ઉમેદવારો તથા TET-2 માં 2011 થી 2023 સુધીમાં પાસ થયેલા તમામ ઉમેદવારો ભરતી નિયમોની જોગવાઈ અનુસાર ઉમેદવારી કરી શકશે.

.................

## E-KUTIR – BALVANTSINH RAJPUT

માનવ કલ્યાણ યોજનાનો લાભ લેવા ઇચ્છુક નાગરિકો આજથી ઇ-કુટિર પોર્ટલ અથવા મોબાઇલ એપ દ્વારા અરજી કરી શકશે.

રાજ્યના કુટિર મંત્રી બળવંતસિંહ રાજપૂતે આજે ગાંધીનગરથી માનવ કલ્યાણ યોજનાની વર્ષ 2024-25 માટેની અરજી મંગાવવાનો આરંભ કર્યો.

આ ઉપરાંત મંત્રીએ વળતર માન્યતા ધરાવતી ઔદ્યોગિક સહકારી મંડળીઓની હાથશાળોના જીઓ ટેગીંગ દ્વારા વેરીફીકેશન માટેની મોબાઇલ એપ પણ લોન્ચ કરી.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં નાના પ્રકારના ધંધા-રોજગાર કરતાં સમાજના નબળા વર્ગના નાગરિકોને માનવ કલ્યાણ યોજના અંતર્ગત સાધન, ઓજારો એટલે કે ટુલ કીટ આપવામાં આવે છે. અરજદારો આજથી આગામી બે મહિના સુધી ઇ-કુટીર ડોટ ગુજરાત ડોટ જીઓવી ડોટ ઇન પર ઓનલાઇન અરજી કરી શકશે.

-------

## GODHARA - NEET

સીબીઆઇ દ્વારા ગોધરા નીટ કૌભાંડના પાંચેય આરોપીની સાબરમતી જેલ ખાતે પૂછપરછ થશે.

ગોધરા નીટ કૌભાંડના  પાંચ પૈકી ચાર આરોપીઓના રીમાન્ડ  પૂર્ણ થતા ગોધરા કોર્ટમાં રજૂ કરાતા કોર્ટે તમામ આરોપીની કસ્ટડી સીબીઆઇ ને સોંપી દીધી છે. જેમાં તુષાર ભટ્ટ જય જલારામ સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતો  ન હોવા છતાં નીટ પરીક્ષામાં સેન્ટર સુપ્રિટેન્ડન્ટ તરીકે રાખવામાં આવેલ, ત્યારે જય જલારામ સ્કૂલના સંચાલક દીક્ષિત પટેલે તુષાર ભટ્ટ સ્કૂલમાં એક વર્ષથી શિક્ષક તરીકે ફરજ બજાવતા હોવાનો દાવો કર્યો હતો.

અમારા પંચમહાલ જિલ્લાના પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે ગોધરા સેશન કોર્ટના મુખ્ય ન્યાયાધીશ બી.કે.ચૌહાણે  ગોધરા નીટ કાંડના પરશુરામ રોય  સહિતના  પાંચ આરોપીઓને અમદાવાદ સાબરમતી જેલ ખાતે ખસેડવાનો હુકમ  કર્યો છે. હવે  સીબીઆઇ દ્વારા પાંચેય આરોપીઓને  અમદાવાદ સાબરમતી જેલ ખાતે પૂછપરછ હાથ ધરાશે.

.................................

## RATHYATRA  PRESS

રાજ્યમાં આગામી સાતમી જુલાઇએ અષાઢી બીજે  ભગવાન જગન્નાથની 136 રથયાત્રાઓ, 73 શોભા યાત્રાઓ મળીને કુલ 209 યાત્રાઓ યોજાશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગાંધીનગર ખાતે આજે મંત્રીમંડળની બેઠકમાં યાત્રા સંબંધી મુદ્દાઓ વિશે ચર્ચા કરવામાં આવી.

આ વિશે માહિતી આપતા રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે અમદાવાદમાં યોજાતી રક્ષયાત્રામાં લાખોની સંખ્યામાં ભક્તો ભાગ લેતા હોય છે. આથી તેમની સલામતી માટે તેમજ સુરક્ષા

વ્યવુસ્થા માટેની તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે રથયાત્રાના રૂટમાં આવતા સંવેદનશીલ વિસ્તારો ઉપરાંત રથયાત્રાના સમગ્ર રૂટ પર વિશ્વાસ પ્રોજેક્ટ અને સ્માર્ટ સીટી પ્રૉજેક્ટ હેઠળ મૂકાયેલા CCTV કેમેરા દ્વારા સતત નિરીક્ષણ કરાશે.

--------------------------------------------

## GUJ WEATHER

નૈઋત્યનું ચોમાસું રાજ્યમાં સક્રીય બનતા સાર્વત્રિક વરસાદની સ્થિતિ છે. ગત ચોવીસ કલાકમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં ભારે વરસાદ પડ્યો.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર મહેસાણા, અરવલ્લી, બનાસકાંઠા, નવસારી અને ડાંગ ભારે વરસાદ નોંધાયો. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર તેમજ કચ્છના મોટાભાગના વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ નોંધાયો હતો. આવતીકાલે ભારે વરસાદની આગાહીને જોતા બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, સુરત, નવસારી, વલસાડ, દીવ, દમણ અને દાદરાનગર હવેલીમાં ઑરેન્જ અલર્ટ જાહેર કરાયું છે. આ વિશે વધુ માહિતી આપી રહ્યા છે હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક રામાશ્રય યાદવ...

**(BYTE :** રામાશ્રય યાદવ, વરિષ્ઠ વૈજ્ઞાનિક)

**--------------**

# GUJARAT RAIN DATA TODAY NOON

રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૯.૫૬ ટકા વરસાદ નોંધાયો છે. આજે છેલ્લા 36 કલાક દરમિયાન રાજ્યના ૮૮ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. જેમાં ૦૭ તાલુકાઓ એવા છે કે જ્યાં 03 ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે.

ઉત્તર ગુજરાતમાં ડીસાના લખાણીમાં સૌથી વધારે 10.8 ઇંચ વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત મહેસાણામાં 3.92 ઇંચ જ્યારે કે બેચરાજીમાં 3.84 ઇંચ વરસાદ છે. બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકામાં ૩.૬૮ ઇંચ, વાવ તાલુકામાં ૩.૧૬ ઇંચ, સુઈગામ તાલુકામાં ૩.૦૮ ઇંચ વરસાદ વરસ્યો.

ઉપરાંત મોડાસા, વઘઈ, વાંસદા, સિદ્ધપુર, બાલાસિનોર, થરાદ, ડોલવણ, ફતેહપુરા, ઉંઝા સહિતના તાલુકાઓમાં બે ઇંચ કરતા વધુ વરસાદ થયો છે.

દક્ષિણ ગુજરાતના ૧૫ તાલુકાઓમાં દોઢ ઇંચ વરરસાદ નોંધાયો છે.

----------------

# GUJARAT WATER BODY DATA

રાજ્યમાં થઈ રહેલા સાર્વત્રિક વરસાદને પરિણામે રાજ્યના ૨૦૬ જળાશયોમાં ૩૨ ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો છે.

સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર જિલ્લાનો વાંસલ અને જામનગર વધાડિયા ડેમ સંપૂર્ણ છલકાતા હાઈ એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે સરદાર સરોવર યોજનામાં ૫૦ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે.

આ સિવાય રાજ્યના પાંચ જળાશયો ૮૦ ટકાથી ૯૦ ટકા છલકાતા એલર્ટ પર છે. જેમાં જૂનાગઢના ઓઝત-૨, કચ્છના કાલાગોગા, મોરબીના ઘોડાધરોઈ, રાજકોટના ભાદર-૨ અને સુરેન્દ્રનગરના ધોળીધજા ડેમને એલર્ટ અપાયું છે. રાજ્યના કુલ પાંચ જળાશયો ૭૦ ટકાથી ૮૦ ટકા વચ્ચે ભરાતા વોર્નીંગ આપવામાં આવી છે.

----------------------------

## KUNVARJI BAVALIYA - FLOOD CONTROL CELL

રાજ્ય જળસંપત્તિ મંત્રી કુંવરજી બાવળિયાએ વરસાદની સ્થિતિને ધ્યાને રાખીને ગાંધીનગર સ્થિત 'ફ્લડ કંટ્રોલ સેલ' ની મુલાકાત લઇ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.

જળ સંપત્તિ મંત્રીએ રાજકોટ, મોરબી, ભાવનગર ઝોનમાં સ્થાનિક અધિકારીઓ સાથે વાત કરી વરસાદ અને જળાશયોની વિગતો મેળવી હતી.

જળ સંપત્તિ મંત્રી શ્રી બાવળિયાએ સમીક્ષા બેઠક દરમિયાન ભારે વરસાદની સ્થિતિમાં સાવચેતીના ભાગરૂપે હાઈ એલર્ટ, એલર્ટ સહિતના મેસેજ મોકલવાની વ્યવસ્થા, રાહત-બચાવ સહિતના પગલાં જરૂરી ધ્યાન દોરવા અધિકારીઓને જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે તેમણે કહ્યું હતું કે, ભારે વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા સ્ટેટ વોટર ડેટા સેન્ટર ખાતે દર વર્ષે પહલી જૂનથી થી પહેલી ઓક્ટોબર દરમિયાન ફ્લડ સેલ કાર્યરત કરવામાં આવે છે.

.................................

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

# NEWS IN BRIEF

**હવે સાંભળીએ રાજ્યના કેટલાક અન્ય સમાચાર સંક્ષિપ્તમાં....**

- બોટાદ તાલુકાના ભાંભણ ગામે આયુષ મેડિકલ ઓફિસર દ્વારા કિશોરીઓમાં આરોગ્ય સંબંધી સભાનતા માટેનો કાર્યક્રમ યોજાયો,
- પોરબંદરની 150 સરકારી શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત 491 સ્માર્ટ ક્લાસ શરૂ કરાયા છે.

- આણંદ જિલ્લાના ડાલી ગામે આત્મા પ્રોજેક્ટ ધ્વારા પ્રાકૃતિક ખેતી ઉપર કિસાન ગોષ્ઠિ અને ખેડૂત વૈજ્ઞાનિક પરિસંવાદ કાર્યક્રમ યોજાયો હતો.
- ગુજરાત ગેસ દ્વારા નેચરલ ગેસમાં 2 રૂપિયાનો વધારો કરાયો છે, નવો ભાવ વધારો આવતીકાલ, 4 જુલાઈથી લાગુ થશે.
- પંચમહાલ જિલ્લા કચેરી દ્વારા 25 જુલાઈના રોજ જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે.
- ગીર સોમનાથ જિલ્લા મહિલા અને બાળ વિભાગ દ્વારા 'મિશન શક્તિ યોજના' હેઠળ, મહિલાઓને કાયદાઓ તેમજ યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી.
- સુરત નર્સિંગ એસોસિએશન અને અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ડુમસ ખાતે અંગદાન મહાન જનજાગૃતિ રેલી યોજાઈ.
- કૌશલ્યા - ધ સ્કીલ યુનિવર્સિટી" અને "ધ મેન મેડ ટેક્ષ્ટાઈલ રીસર્ચ એસોસિએશન" સુરત વચ્ચે MoU થયા છે,

----------

## NAVA FOJDARI KAYDA - SHIBIR

દેશભરમાં અમલમાં મુકાયેલા ત્રણ ફોજદારી કાયદા, ભારતીય ન્યાય સંહિતા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય સંહિતા વિશે લોકોમાં જાગૃકતા આવે તે હેતુસર, રાજ્યમાં  વિવિધ જિલ્લામાં પોલીસ તંત્ર

દ્વારા શ્રેણીબદ્ધ "જનજાગૃતિ અભિયાન કાર્યક્રમ" યોજવામાં આવી રહ્યા છે.

ડાંગ જિલ્લામાં આહવા, વઘઇ, સુબીર, અને આહવા મહિલા પોલીસ સ્ટેશનનાં પી.એસ.આઇ. દ્વારા મહિલા, બાળકો અને વરિષ્ઠ નાગરિકો માટેના નવા ત્રણ ફોજદારી કાયદા અંગે જાગૃક્તા આવે તે માટે સેમિનારો, તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં જનજાગૃતિ કાર્યક્રમો યોજાવામાં આવ્યાં હતાં.

મહેસાણાની વિસનગરની સાકળચંદ પટેલ યુનિવર્સિટી સંલગ્ન સ્વામી સચિદાનંદ પોલીટેક્નિક કોલેજ ખાતે ડિપ્લોમા એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ માટે ત્રણ નવા કાયદાના અમલીકરણ પર જાગૃતલક્ષી સેમિનાર યોજાઈ ગયો.

--------

# GUJARAT TOURISM

રાજ્યમાં આ વર્ષે ઉનાળુ વેકેશનમાં ગુજરાત આવનારા પ્રવાસીઓની સંખ્યા એક કરોડ 35 લાખને પાર પહોંચી છે.

ગત વર્ષ 2023માં એક કરોડ 14 લાખ પ્રવાસીઓએ ગુજરાતની મુલાકાત લીધી હતી. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે મુલાકાતીઓની સંખ્યામાં 17 ટકાનો વધારો જોવા મળી રહ્યો છે.

આ વર્ષે પહેલી એપ્રિલથી 10 જૂન સુધીમાં 1 કરોડ 35 લાખ પ્રવાસીઓએ, રાજ્યના 12 પ્રવાસન આકર્ષણોની મુલાકાત લીધી. રાજ્યમાં આવતા પ્રવાસીઓમાં સ્ટેચ્યુ ઑફ યુનિટી, અટલ બ્રિજ, રિવરફ્રન્ટ-ફ્લાવર

પાર્ક, કાંકરિયા તળાવ, સોમનાથ, અંબાજી, પાવાગઢ અને દ્વારકા મંદિર સહિતના સ્થળો મુખ્ય આકર્ષણનું કેન્દ્ર રહ્યા. તો પ્રવાસીઓની સંખ્યા બાબતે અમદાવાદ સૌથી લોકપ્રિય જિલ્લો રહ્યો.

. . . . . . . . . . . . . . .